## ઘ-૬ના કૉર્નરના શૌચાલયનું લોકાર્પણ ક્યારે ?

ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગરમાં ઘ-૬, સેકટર-૨૯ના કોર્નર પર છેલ્લા કેટલાય સમયથી મુતરડીઓ તથા સંડાસની સુંદર સુવિધા બનાવેલ છે. પરંતુ કોઈ મહાનુભવના હસ્તે લોકાર્પણ કરવાનું શુભ ઘડી મળી શકી નથી.

આ જગ્યાએ સુંદર વ્યવસ્થા કરેલ હોવા છતાં ઉપયોગમાં મકાન શરૂ થયેલ નથી. પરિણામે આજુબાજુની ખુલ્લી જગ્યામાં લોકો લઘુશંકા છુટથી કરે છે. ત્યાં અસામાજિક તત્વોનો અડ્ડો પણ બની ચૂક્યો છે. હમણાં જ આ મુતરડીઓમાંથી વિદેશી દારૂ પણ મળેલ હતો. આ ગંદકીવાળી જગ્યાની સામે કોલેજીયન છોકરીઓ ખાણીપીણીની લારીઓ ઉપર હોય છે. સામે ઝેરોક્ષની તથા એક સ્વીટ માર્ટ પણ છે. ત્યાં બાળકોની હોસ્પિટલ પણ આવેલ છે. આવી જગ્યાએ આવતીજતી જનતા હેરાન પરેશાન થાય છે તો આ શૌચાલય ઉદ્ઘાટન માટે રાહ જોઈ રહેલ છે.

## ગાંધીનગર ખાતે અધ્યાપક સહાયક નિમણૂંકનો કૅમ્પ ૧૯મીએ યોજાશે

ગાંધીનગર, તા.૧૬

રાજ્યની ગ્રાન્ટ ઈન એઈડ કોલેજો ખાતે વિનયન, વાણિજ્ય, વિજ્ઞાન, કાયદા અને શિક્ષણની કોલેજોમાં અધ્યાપક સહાયકની કેન્દ્રીયકૃત ભરતી પ્રક્રિયા યોજવામાં આવી હતી. તેઓની નિમણૂંક અંગેનો કેમ્પ તા. ૧૯-૫-૨૦૧૨ને શનિવારના રોજ સરકારી વિનિયન કોલેજ, ગાંધીનગર ખાતે સવારે ૧૦-૦૦ કલાકે યોજવામાં આવશે એમ ઉચ્ચ શિક્ષણ કમિશનરની યાદીમાં જણાવાયું છે. યાદીમાં વધુમાં જણાવ્યા મુજબ કેન્દ્રીયકૃત ભરતી પ્રક્રિયા બાદ અધ્યાપક સહાયક તરીકે હાજર થયેલ હોય કે વિકલ્પ ચાલુ હોય તેવા ઉમેદવારોને છોડી અન્ય તમામ ઉમેદવારો કે જેમનું નામ મેરીટ યાદીમાં હતું તેવા ઉમેદવારોને નિમણૂંક અપાશે. આ કેમ્પ મેરીટ યાદી મુજબ મેરીટના ધોરણે થશે. ખાલી રહેલ જગ્યાઓની વિગતો અને અન્ય સૂચના માટે સમિતિની વેબસાઈટ www.cheguj.com પરથી મળી શકશે. આથી હિત ધરાવતા ઉમેદવારોએ રૂબરૂ હાજર રહેવા જણાવાયું છે.

## ગંદા હૈ પર ધંધા હૈ યે.....

તસવીર : દિપક જાની



## ગાંધીનગર જિલ્લામાં કૃષિ મહોત્સવ અંતર્ગત ૧૪૫૫ લાભાર્થીઓને કિટ્સનું વિતરણ

ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગર જિલ્લામાં કૃષિ મહોત્સવનો -ારંભ તા.૬ મે-૨૦૧૨ના રોજ ઉનાવા ખાતેથી થયો હતો. તા.૧૫ મે-૨૦૧૨ સુધીમાં જિલ્લાના ચાર તાલુકાની ૩૨ તાલુકા પંચાયતની સીટમાં કૃષિ મહોત્સવનો કાર્યક્રમ યોજાયો છે. કૃષિ મહોત્સવ અંતર્ગત કુલ ૧૪૫૫ લાભાર્થીઓને કૃષિ, બાગયત અને પશુપાલનની કિટ્સનું વિતરણ કરવામાં આવ્યું છે. પશુ આરોગ્ય મેળામાં કુલ-૪૭,૪૬૧ પશુઓનું રસીકરણ કરવામાં આવ્યું છે. ૧૩૨૧ પશુઓનું કૃત્રિમ બીજદાન કરવામાં આવ્યું છે. તેમજ કૃષિ મહોત્સવ કાર્યક્રમ દરમ્યાન કૃષિક્ષેત્રે લોકજાગૃતિ કેળવાય તેવા ૮૬૩ ભીતસૂત્રો લખવામાં આવ્યા છે.

જિલ્લા -ભારી મંત્રી શ્રી જયસિંહ ચૌહાણની ઉપસ્થિતિમાં તા.૬ મે-૨૦૧૨ ના રોજ ગાંધીનગર તાલુકાના ઉનાવા ગામ ખાતે જિલ્લા કક્ષાના કૃષિ મહોત્સવનો -ારંભ થયો હતો. તા. ૧૫ મે-૨૦૧૨ સુધીમાં દરેક તાલુકામાં ૮ તાલુકા પંચાયતની સીટમાં કૃષિ મહોત્સવનો કાર્યક્રમ યોજાયો છે.કૃષિ મહોત્સવ અંતર્ગત દહેગામ તાલુકામાં કૃષિ-૧૫૨, બાગાયતની-૧૫૯, પશુપાલનની-૧૨૫, ગાંધીનગર તાલુકામાં કૃષિની-૧૧૩, બાગાયતની-૧૦૭, પશુપાલનની-૯૦, કલોલ તાલુકામાં કૃષિની-૧૫૩, બાગાયતની-૧૩૪, પશુપાલનની-૧૧૦ અને માણસા તાલુકામાં કૃષિ-૧૦૨, બાગાયતની-૯૫, પશુપાલનની-૮૫ કિટ્સનું વિતરણ કરવામાં આવ્યું છે. ગાંધીનગર તાલુકામાં ૪૦ સોઈલ હેલ્થ કાર્ડનું વિતરણ કરવામાં આવ્યું છે. તેમજ ગાંધીનગર, કલોલ અને માણસા તાલુકા માંથી નવા સોઈલના કુલ-૩૦૦ નમુના લેવામાં આવ્યા છે.તે ઉપરાંત દહેગામ તાલુકામાં ૮૪, કલોલ તાલુકામાં ૫૮ અને માણસા તાલુકામાં ૩૧૧ મળીને કુલ-૪૫૩ કિસાન ક્રેડિટ કાર્ડ આપવામાં આવ્યા છે. બેંકબલ યોજના હેઠળ કુલ-૫૨ ને લાભ આપવામાં આવ્યો છે.

પશુ આરોગ્ય મેળામાં દહેગામ તાલુકામાં ૪૯૬૭, ગાંધીનગર તાલુકામાં ૧૪૬૦૮, કલોલ તાલુકામાં ૧૫૨૩૭ અને માણસામાં ૧૨૬૪૯ પશુઓનું રસીકરણ કરવામાં આવ્યું છે. તેમજ દહેગામ તાલુકામાં ૪૬૪, ગાંધીનગર તાલુકામાં ૫૩૭, કલોલ તાલુકામાં ૨૯૯ અને માણસામાં ૨૧ પશુઓનું કૃત્રિમ બીજદાન કરવામાં આવ્યું છે.

આ ઉપરાંત કૃષિ મહોત્સવ અંતર્ગત દહેગામ તાલુકામાં ૧૭૦, ગાંધીનગર તાલુકામાં ૩૮૦, કલોલ તાલુકામાં ૧૭૫ અને માણસામાં ૧૩૮ કૃષિ અંગેની લોક જાગૃતિ કેળવાય તે માટેના ભીત સૂત્રો લખવામાં આવ્યા છે. ૨૧ ગામોમાં ગામ શુશોભન, ૬ ગામોમાં પરંપરાગત કાર્યક્રમો અને ૨૨ ગામોમાં કૃષિની સાધનસામગ્રીનો ડેમો કરવામાં આવ્યો છે.

## અડાલજ પાસે કારે ટકકર મારતાં બાઈક ચાલકનું મોત

### બેફામ જતી કારે અડફેટે લેતાં ઘટના સ્થળે મોત

ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગર-સરખેજ માર્ગ પર અડાલજ નજીક આજે સવારે બેફામ જતા કારના ચાલકે બાઈકને ટકકર મારતા એક વ્યકિતનું મોત નિપજયુંહતું.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર અડાલજ ગામની સીમ નજીક આજે સવારે ૮.૩૦ વાગ્યાના અરસામાં બેફામ જતા કાર નં. જીજે-૧ એચ.જી. ૫૫૨૯ના ચાલકે માર્ગ પરથી પસાર થતા બાઈક નં. જીજે-૧૮-એ.એલ. ૫૯૩૩ને ટકકર મારતા બાઈક સવાર ભાઈલાલભાઈ સવયણભાઈ પટેલ ઉ.વ.૪૮ (રહે. દસક્રોઈ તાલુકો)ને ગંભીર ઈજાઓ થતાં તેમનું ઘટના સ્થળે મોત નિપજયું હતું. આ બનાવ સંદર્ભે અડાલજ પોલીસ મથકે અશ્વિનભાઈ માવજીભાઈ સાંકલા (રહે. એ/૫૦૪, રત્નવીલા એપાર્ટમેન્ટ, થલતેજ) એ ફરિયાદ નોંધાવતા પી.એસ.આઈ એમ.આર. કુવાડીયાએ ગુન્હો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## ચાર કરતાં વધુ વ્યક્તિઓ એક સાથે એક સ્થળે ભેગા થઈ શકશે નહિ

ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગર શહેરી વિસ્તારમાં વિધાનસભા, સચિવાલય, રાજભવન, મંત્રીશ્રીઓના નિવાસસ્થાનો, ખાતાઓના વડાઓની કચેરીઓ, ઉધોગભવન, બહુમાળી ભવન, એમ.એલ.એ. કવાટર્સ, શાળા-કોલેજો જેવી સરકારી ઈમારતો આવેલી છે. અવાર-નવાર ગાંધીનગર ખાતે વિવિધ મંડળો તેમની માંગણી અર્થે રજુઆતો કરવા અને આવેદનપત્ર આપવા સારૂ -તિનિધિ મંડળ દ્વારા રેલી સરઘસ સ્વરૂપે ગાંધીનગરમાં આવતાં જતાં હોઈ અને ઘ-૩ ખાતે વિવિધ મંડળો તથા વ્યકિતઓ દ્વારા -તિક ઉપવાસના કાર્યક્રમ ચાલુ હોઈ, કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે માટે આ વિસ્તારોમાં તા. ૧૮/૦૫/૨૦૧૨ નાં ૦૦.૦૦ કલાક થી તા.૦૧/૦૬/૨૦૧૨ ના ૨૪.૦૦ કલાક સુધીની મુદત માટે ચાર કરતાં વધુ વ્યકિતઓને એક સાથે કોઈપણ જગ્યાએ ભેગા થવા, કોઈ મંડળી, રેલી કે સરઘસ કાઢવા માટે અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, ગાંધીનગર દ્વારા મનાઈ ફરમાવવામાં આવે છે.

## અમદાવાદ શાહીબાગ ખાતે અદ્યતન સુવિધા સજ્જ યોગીજી મહારાજ હૉસ્પિટલનું આજે ઉદ્ઘાટન

ગાંધીનગર, તા. ૧૬

પરમ પૂજ્ય પ્રમુખ સ્વામી મહારાજની પ્રેરણાથી બાપ્સ સ્વામિનારાયણ સંસ્થા દ્વારા અમદાવાદમાં શાહીબાગ ખાતે અદ્યતન અને અનેક સુવિધાઓથી ભરપુર વિશાળ હોસ્પિટલનું નિર્માણ થયેલ છે. બાપ્સ યોગીજી મહારાજ હોસ્પિટલનું ઉદ્ઘાટન તા. ૧૭મી મે સાંજે ૭.૦૦ કલાકે મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના હસ્તે કરવામાં આવશે.

## પ્લગ નર્સરી બનાવવા સહાય

ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગર જિલ્લાના બાગાયાતદાર ખેડૂતોને વિવિધ બાગાયતી પાકનાં રોપા તથા હાઈબ્રીડ બિયારણનું ધરૂ કલસ્ટરમાં ઉછેરવા માટે ૦.૨ હેકટરથી ૧.૦૦ હેકટર વિસ્તારની પ્લગ નર્સરી (હાઈટેક નર્સરી) બનાવવા માંગતા હોય એવા અનુસૂચિત જાતિના ખેડૂતોને નર્સરી બનાવવા અંગે થયેલ ખરેખર ખર્ચના ૭૫ ટકા મુજબ મહત્તમ રૂા. ૨૨.૫૦ લાખની મર્યાદામાં તથા સામાન્ય પ્રકારના વ્યક્તિગત ખેડૂત, સહકારી સંસ્થા, સ્વસહાય જૂથ તથા ખાનગી નર્સરીકારને તે અંગે થયેલ ખરેખર ખર્ચના ૫૦ ટકા મુજબ મહત્તમ રૂા. ૧૫ લાખની મર્યાદામાં પ્રતિ હેકટર મુજબ સહાય મળવા પાત્ર થાય છે. રસ ધરાવતા ખેડૂત ભાઈઓ / સંસ્થાઓએ આ અંગે વધુ માહિતી માટે નાયબ માહિતી નિયામકશ્રીની કચેરી, છઠ્ઠો માળ, ડી-બ્લોક, જિલ્લા સેવા સદન, પથિકાશ્રમની બાજુમાં, સેકટર-૧૧, ગાંધીનગર અથવા ફોન નંબર - ૨૩૨ ૫૭૭૬૦ પર સંપર્ક કરવા નાયબ બાગાયત નિયામક શ્રી જે.બી. ચૌધરીએ જણાવ્યું છે.

## ગાંધીનગરમાં કાયદો-વ્યવસ્થાની પરિસ્થિતિ જાળવવા જોગ

ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગર ગુજરાતના પાટનગરનું શહેર છે. ગાંધીનગર શહેરી વિસ્તારમાં વિધાનસભા, સચિવાલય, રાજભવન, મંત્રીશ્રીઓના નિવાસસ્થાનો, ખાતાઓના વડાઓની કચેરીઓ, ઉધોગ ભવન, બહુમાળી ભવન, એમ.એલ.એ. કવાટર્સ, શાળા-કોલેજો જેવી સરકારી ઈમારતો આવેલી છે. અવાર-નવાર ગાંધીનગર ખાતે વિવિધ મંડળો તેમની માંગણી અર્થે રજુઆતો કરવા અને આવેદનપત્ર આપવા સારૂ -તિનિધિ મંડળ દ્વારા રેલી સરઘસ સ્વરૂપે ગાંધીનગરમાં આવતાં જતાં હોઈ અને ઘ-૩ ખાતે વિવિધ મંડળો તથા વ્યકિતઓ દ્વારા -તિક ઉપવાસના કાર્યક્રમો ચાલુ હોઈ, કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તથા વ્યવસ્થા જાળવવાના હેતુ માટે તેમજ જાહેર સુલેહ- શાંતિ જાળવવાના હેતુથી આ વિસ્તારમાં તા.૧૮/૦૫/૨૦૧૨ ના રોજ ૦૦.૦૦ કલાકથી તા.૦૧/૦૬/૨૦૧૨ના ૨૪.૦૦ કલાક સુધીની મુદત માટે હથિયાર, તલવાર, ધોકા, બંદુક, છરા, સળગતી મશાલ કે અન્ય બીજા હથિયાર કે જેનાથી શારીરિક ઈજા કરી શકાય તે સાથે રાખી ફરવાનું, કોઈપણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થ સાથે રાખી ફરવાનું, પત્થરો અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓ અથવા તે વસ્તુઓ ફેંકવાના ઉકેલવાના યંત્રો સાથે લઈ જવા તથા તૈયાર કરવાનું, મનુષ્યોની આકૃતિઓ અથવા પુતળા દેખાડવાનું, અપમાનીત કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેર બીભત્સ સુત્રો પોકારવાનું, અસ્લીલ ગીતો ગાવાનું અથવા ટોળામાં ફરવાનું , છટાદારા ભાષણ આપવાની, ચાળા પાળવાની અથવા નકલ કરવાની તથા ચિત્રો, નિશાનીઓ, જાહેર ખબરો, અથવા રાજયની સલામતી જોખમાતી હોય અથવા જેને પરિણામે રાજય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ આપવાની અથવા માનહાનિ થાય તેવા કૃત્યો કરવા પર અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, ગાંધીનગર દ્વારા મનાઈ ફરમાવવામાં આવે છે.

## હિંમતપુરા ખાતે કૃષિ મહોત્સવ નિમિત્તે અભિનવ કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા.૧૬

માણસા તાલુકાના હિંમતપુરા (બિલોદરા) ગામ ખાતે યોજાયેલા કૃષિ મહોત્સવ કાર્યક્રમમાં શિક્ષણ રાજય મંત્રી અને જિલ્લા -ભારી મંત્રી શ્રી જયસિંહ ચૌહાણ ઉપસ્થિત રહયાં હતાં. મંત્રી શ્રી જયસિંહ ચૌહાણના હસ્તે બાગાયત, કૃષિ અને પશુપાલન કિટ્સનું વિતરણ કરવામાં આવ્યું હતું. મંત્રીશ્રીએ રાજયના મુખ્ય મંત્રીશ્રીનો ખેડૂતો સાથેનો સંવાદ એલઈડી પર ખેડૂતો વચ્ચે બેસી નિહાળ્યો હતો.

હિંમતપુરા ગામ ખાતે કૃષિ મહોત્સવ અંતર્ગત યોજાયેલા પશુ આરોગ્ય મેળામાં હિંમતપુરા, બિલોદરા અને ઉમિયાનગર ગામના ૧૦૭૦ પશુઓનું રસીકરણ કરવામાં આવ્યું હતું. તેમજ ૧૦૫ પશુઓને રોગની સારંવાર આપવામાં આવી હતી.

કૃષિ મહોત્સવ કાર્યક્રમમાં ઉપસ્થિત મંત્રી શ્રી જયસિંહ ચૌહાણે રાજય સરકાર દ્વારા શરૂ કરવામાં આવેલા કૃષિ મહોત્સવ કાર્યક્રમ પાછળ રહેલા ઉમદા આશયથી ખેડૂતોને માહિતગાર કર્યા હતા. કૃષિ મહોત્સવ થકી રાજયમાં કૃષિક્ષેત્રે આવેલા પરિવર્તન, રાજયના કૃષિ વિકાસદરમાં વૃધ્ધિ થવાના કારણો અને -ગતિશીલ ખેડૂતોની વાતો દષ્ટાંત આપી કરી હતી.

પશુ આરોગ્ય મેળાની વાત કરતાં મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, આ મેળા થકી રાજય માંથી પશુઓના ૧૧૯ જેટલા રોગો નામશેષ કરી દીધા છે. તે ઉપરાંત પશુઓની આંખોના મોતિયાના ઓપરેશન દેશભરમાં સૌ -થમ વાર કરવામાં આવ્યા છે. એનિમલ હોસ્ટેલ અંગે પણ વિસ્તૃત વાત કરી હતી.

આ -સંગે મોટી સંખ્યામાં ઉપસ્થિત ખેડૂતોને જિલ્લાના નાયબ બાગાયત નિયામક શ્રી જે.બી.ચૌધરીએ બાગાયતી ખેતી, ગ્રીનહાઉસ અને નેટ હાઉસ અંગેની તેમજ અન્ય યોજનાઓ વિશે જાણકારી આપી હતી. નાયબ પશુપાલન નિયામકશ્રી ડૉ.બી.કે.પટેલે પશુપાલકોને ઉપયોગી થાય તેવી પશુપાલન અંગેની રસ-દ માહિતી આપી હતી.

# બને ચાહે દુશ્મન જમાના હમારા.....



**સંબંધ સજાવે જિંદગી**

**ભાઈ જેવો ભાઈબંધ**

- જય ઓઝા

gsrelation@yahoo.com

ઉપરની પંક્તિઓને ખરા અર્થમાં જીવી રહેલા બે મિત્રોની વાત છે, સમાનધારાએ વહેતી તેમની જીવન કહાનીથી ગાંધીનગરનો એક બહોળો વર્ગ પરિચિત છે.

વર્ષ ૧૯૭૯, સ્થળ પંચદેવ મંદિરની સામેની સરકારી શાળા કે જયાં તે સમયે સ્વામિનારાયણ શિશુ વિદ્યાલય કાર્યરત હતું. શિક્ષકોના ઈન્ટરવ્યું ચાલતાં હતા. તેમાં બે શિક્ષકો પસંદગી પામ્યા એક હતા અંગ્રેજીના શિક્ષક શ્રી હર્ષદરાય ઉપાધ્યાય અને બીજા ગણિતના શિક્ષક શ્રી ગોવિંદભાઈ પટેલ... વાતચીત ચાલી અને મિત્રતાના તાર ગૂંથાવા લાગ્યા. નવાઈની વાત એ હતી કે બંનેના શોખ, પસંદગી, વગેરે એક સમાન હતું. બંનેને ગાવાનો અને સંગીતનો શોખ.

બંને મિત્રો વચ્ચેની સમાનતાનું લિસ્ટ જોવા બેસીએ તો ખ્યાલ આવે કે ઉપરવાળાએ ખરેખર કોઈ સંકેત જ આપ્યા છે.

બંનેની પત્નીઓની રાશિ સમાન. બંનેના ઘરે પ્રથમ પારણું સમાન સમયાંતરે બંધાયું. શાળા સિવાયના પણ દરેક સ્થળે બંને સાથે જ હોય. ઘરની કોઈ વસ્તુ લેવાની હોય તો પણ બેની સંખ્યામાં જ ખરીદી થતી. રંગ-રૂપ- જાત સમાન હોય. ચિઠ્ઠી પાડીને સમાન વસ્તુઓની વહેંચણી થતી. અરે! મકાન ખરીદ્યા ત્યારે પણ ચિઠ્ઠી પાડી અને પસંદગી થઈ. ઘરની રચના, તેમાનું રાચ-રચીલું આ બધું જોઈને ઘડીભર કોઈ દંગ રહી જાય એ હદે તેમાં એકસરખાપણું હતું.

બંને મિત્રોના બાળકો બાળમંદિરથી માંડીને અભ્યાસ પૂર્ણ કર્યો ત્યાં સુધી સાથે જ ભણ્યા.

એટલે સુધી કે ભણતર પછી બાળકોને વિદેશ મોકલવાના થયા તો અમેરિકાના એક જ શહેરમાં બંનેના બાળકો પહોંચ્યા. સંબંધો એટલા ગાઢ બની ગયા કે કોણ કોનો ભાઈ કે બહેન છે તે જ ન સમજાય.

વર્ષો જતાં બંને મિત્રોની દીકરીઓના લગ્ન થયાં. બંનેના લગ્ન પણ ગાંધીનગરમાં એક જ સેકટરમાં થયા અને પહેલાં ખોળે બંને દિકરીઓને ત્યાં લક્ષ્મીજીનો જ જન્મ થયો. કદાચ ઈશ્વરીય સંકેત હશે કે આગામી પેઢી પણ અતૂટ મિત્રતા નિભાવવા માટે તૈયાર થઈ રહી હોય.

હર્ષદભાઈને કોઈ નાનો-મોટો અકસ્માત નડયો હોય, તો અઠવાડીયાની અંદર ગોવિંદભાઈને પણ એ જ હાથે કે પગે અકસ્માત નડે કે જેમાં હર્ષદભાઈને વાગ્યું હોય.

૧૯૯૮માં ગોવિંદભાઈ આચાર્ય બનતા બીજી સ્કૂલમાં ગયા. પરંતુ મિત્રતામાં જરા પણ ઓટ ન આવી. સ્વામિનારાયણ સ્કૂલમાં સાથે ઈન્ટરવ્યૂ આપવા આવેલા મિત્રોએ સાથે ૩૨ વર્ષની મજલ કાપી લીધી છે. પરંતુ આજે પણ મિત્રતામાં પહેલાં દિવસ જેવી જ તાજગી છે.

હવે ગોવિંદભાઈ અમેરિકામાં દીકરાની સાથે જ સેટલ થઈ ગયા છે. હર્ષદભાઈ પણ ટૂંક સમયમાં જ અમેરિકા સ્થાયી થઈ જવાની તૈયારી કરે છે.

આમ સ્વેદશમાં પાંગરેલો મૈત્રી સંબંધ હવે વિદેશમાં મૈત્રીની સુવાસ ફેલાવશે.

ભવિષ્યમાં અમેરિકામાં બંને પરિવાર એક જ છત્ર નીચે સેટલ થઈ જવાની યોજના બનાવી રહ્યા છે. બંને મિત્રો સ્થૂળ સ્વરૂપે કદાચ અમેરિકામાં શ્વાસ લેશે. પરંતુ સ્વદેશ માટેની તીવ્ર લાગણી એવી જ અતૂટ રહેવાની તેમાં કોઈ શંકા નથી.

ગયા જન્મના કોઈ ઋણાનુંબંધનના કારણે જ કદાચ ગાંધીનગરની ભૂમિ તેમની મિત્રતાને પાંગરવામાં નિમિત બની હોય. ઈશ્વર બંને મિત્રોની પ્રગતિ અને આત્મીયતાને આશીર્વાદ બક્ષતા રહે તેની પ્રાર્થના.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૦૫.૫૮

સૂર્યાસ્ત : ૦૭.૧૭

## તાપમાન

મહત્તમ : ૪૧.૮ ડિ.સે.

લઘુત્તમ : ૨૬.૫ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૭૩ ટકા ● સાંજે ૨૩ ટકા

## મનોરંજન

### સિટી પલ્સ

**સ્ક્રીન-૧ :** ઈશકઝાદે : ૧૨.૧૫, ૨.૪૫, ૫.૧૫, ૭.૪૫, ૧૦.૧૫

**સ્ક્રીન-૨ :** ઈશકઝાદે : ૧૦.૦૦

ડેનજર્સ ઈશ્ક : ૧૨.૩૦, ૩.૦૦, ૧૦.૩૦

ધ એવેન્જર (હિન્દી) : ૫.૩૦

જન્નત ૨ : ૮.૦૦

**સ્ક્રીન-૩ :** હાઉસ ફૂલ ૨ : ૧૦.૩૦, ૬.૪૫

ઈશકઝાદે : ૧.૩૦, ૪.૦૦

જન્નત -૨ : ૧૦.૧૫

**સ્ક્રીન-૪ :** ડેનજર્સ ઈશ્ક : ૧૦.૦૦, ૫.૧૫, ૭.૪૫

જન્નત ૨ : ૧૨.૩૦, ૧૦.૧૫

ઈશકઝાદે : ૨.૪૫

વીકી ડોનર : ૩.૦૦

### સિને મેક્સ

**સ્ક્રીન-૧ :** ડેનજર્સ ઈશ્ક ૩-ડી(હિન્દી) :૯.૪૫, ૩.૦૦, ૫.૩૦

ધ એવેન્જર (હિન્દી) : ૧૨.૧૫, ૮.૦૦, ૧૦.૪૫

**સ્ક્રીન-૨ :** જન્નત -૨ : ૧૦.૦૦, ૧૨.૩૦, ૩.૧૫, ૬.૦૦

ધ રેડ રીડેમશન (હિન્દી) : ૮.૩૦

ડેનજર્સ ઈશ્ક : ૧૦.૩૦

**સ્ક્રીન-૩ :** ઈશકઝાદે :૧૦.૩૦, ૧.૧૫, ૪.૦૦, ૬.૪૫

જન્નત -૨ : ૯.૩૦

**સ્ક્રીન-૪ :** ઈશકઝાદે :૯.૧૫, ૮.૦૦, ૧૦.૪૫

ડેનજર્સ ઈશ્ક : ૧૨.૦૦

ધ રેડ રીડેમશન (હિન્દી) : ૨.૪૫, ૫.૦૦

### સૂર્યા, વાવોલ

ડેનજર્સ ઈશ્ક : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫

સાથી રે સાથ ના છૂટે : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

## આપની આજ

- કિશોર ત્રિવેદી

**મેષ** : વિવાદિત લંબિત પ્રકરણોને ઉકેલવા માટે કરેલ વિશેષ યાત્રા-પ્રવાસ લાભદાયક નીવડી શકે છે. વેપાર -નોકરીમાં પ્રગતિકારક રહે.

**વૃષભ** : વેપારમાં રોકાણ માટે સમય અનુકૂળ નથી. નાણાંકીય કાર્યોમાં સંશોધનનો યોગ. કુટુંબીજનોમાં તકરાર પેદા ન થાય તેની કાળજી રાખવી. વિરોધીઓથી સાચવવું.

**મિથુન** : ધર્મ આધ્યાત્મ સંબંધી ચિંતતનો યોગ. ભાગ્યવર્ધક કાર્યોમાં અડચણ સંભવિત છે. દૈનિક વ્યાપાર, કુટુંબિક માંગલિક કાર્યો માટે વિશેષ યાત્રા થઈ શકે છે.

**કર્ક** : આધ્યાત્મ તરફ તમે પ્રેરાશો. ધાર્મિક કાર્યોમાં વિશેષ યાત્રાનો યોગ. કુટુંબીજનનો સાથ સહકાર મળી રહેશે. દામ્પત્ય જીવનમાં કલેશ પેદા ન થાય તેની કાળજી લેવી.

**સિંહ** : નવા આર્થિક સ્રોતો ઉભા થઈ શકે છે. વ્યાપારિક ભાગીદારીથી લાભ પ્રાપ્ત થઈ શકે છે. વ્યપારમાં નાણાંકીય મુશ્કેલીઓ ઉભી ન થાય તેનું ધ્યાન રાખવું. બૌદ્ધિક હેરાનગતિ શક્ય.

**કન્યા** : ધૈર્યથી વ્યપારિક કાર્યોને પૂર્ણ કરવા માટે કટિહદ્ધ થશો. નવા કાર્યોથી દુર રહો. વ્યાપારક્ષેત્રમાં ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્ત થઈ શકે છે.

**તુલા** : નાણાંકીય કાર્યોમાં સફળતા પ્રાપ્ત થઈ શકે છે. મનોરંજન, સંતાન સંબિધીત કાર્યોમાં ધન ખર્ચ થઈ શકે છે. શિક્ષણ સંબંધી કાર્યોમાં ગહન શોધ થશે.

**વૃશ્ચિક** : કર્મક્ષેત્રમાં ભાગ્યવર્ધક પરિવર્તન થઈ શકે છે. ભાગ્યવર્ધક યાત્રાઓ સંભવિત છે. ધર્મ આધ્યાત્મ સંબંધી ગૂઢ સંશોધન થઈ શકે છે. વેપાર ક્ષેત્રે સફળતા મળી શકે છે.

**ધન** : શુભ માંગલિક કાર્યોનું આયોજન થઈ શકે છે. પૈતૃત આર્થિક સ્થિતિનો લાભ મળી શકે છે. આરોગ્યનું ધ્યાન રાખવું. મોસમ અનુસાર આહાર- વિહાર કરવું.

**મકર** : શિક્ષા, મિત્રવર્ગ સંબંધી શોધ કાર્યમાં સમય પસાર થઈ શકે છે. મકાન- જમીનનું ખરીદ વેચાણ થઈ શકે છે. કુટુંબીજનો સાથે યાત્રા- પ્રવાસનું આયોજન થશે.

**કુંભ** : પદ -પ્રતિષ્ઠામાં વધારો થઈ શકે છે. મકાન, વાહન, સંબંધી લાભ પ્રાપ્તિનો વિશેષ યોગ. કર્મક્ષેત્રમાં ભાગ્યવર્ધક યાત્રા થઈ શકે છે. વાહનની ખરીદી થઈ શકશે.

**મીન** : ધાર્મિક આયોજનોમાં ભાગ લઈ શકાશે. ભૌતિક સુખ સુવિધામાં વધારો થઈ શકે છે. વિદ્યાર્થીઓનું મન ભણવામાં સક્રિય થતું લાગશે. કૌટુંબિક જીવનમાં ઉદ્ભવેલા મતભેદોનું નિરાકરણ થઈ શકશે.

## ચિરવિદાય

- સ્વ. મંગાજી સોકાજી ઠાકોર (ઉ.વ. ૭૫) ૨/૨, પથિકાશ્રમ સ્ટાફ ક્વાટર્સ, સેકટર-૧૧, ગાંધીનગર
- સ્વ. ઈન્દુબેન મધુકરભાઈ મિસ્ત્રી (ઉ.વ. ૬૨) સી-૫૧, ગ્રીનસીટી સોસાયટી, સેકટર-૨૬, ગાંધીનગર
- સ્વ. અક્ષયભાઈ દલસુખભાઈ પરમાર (ઉ.વ. ૧૨) બ્લોક નં. ૭૮/૯, 'ચ' ટાઈપ, સેકટર-૧૨, ગાંધીનગર